### પાલિકાની ઘોર બેદરકારી : ચોમાસા જેવા દશ્યો સર્જાયા

# ભાયલી કેનાલ રોડ પર લાખો લીટર શુદ્ધ પીવાનું પાણી રસ્તા પર વેડફાયું

**કાદવ-કીચડ** અને ભરાયેલા પાણીના કારણે અકસ્માતનો ભારે ભય, સ્થાનિકો અને વાહનચાલકોમાં તીવ્ર રોષ



(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા મહાનગરપાલિકાના તંત્રની ઘોર બેદરકારી અને આયોજન વગરની કામગીરીનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. શહેરના ભાયલી વિસ્તારમાં કેનાલ રોડથી ડી-માર્ટને જોડતા ૧૮ મીટરના મુખ્ય રસ્તા પર છેલ્લા ત્રણથી ચાર દિવસથી પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ અથવા લીકેજ થવાના કારણે લાખો લીટર શુદ્ધ પાણી રસ્તા પર વહીને ગટરોમાં વેડફાઈ રહ્યું છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ગોતરી અને હરિનગર વિસ્તાર બાદ હવે ભાયલી ખાતે પીવાના પાણીની લાઈનમાં ગંભીર લીકેજ સર્જાયું છે. ધોમધખતા દિવસોમાં પણ આ મુખ્ય માર્ગ પર ચોમાસા જેવી સ્થિતિ નિર્માણ પામી છે. રસ્તા પર કાદવ-કીચડનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું છે અને પાણી ભરાઈ જવાના કારણે અનેક વાહનચાલકો સ્લીપ થઈને પડી રહ્યા છે. માર્ગ પર પડેલા ખાડાઓમાં વાહનો ખાબકવાથી અકસ્માતની મોટી હોનારત સર્જાવાનો ભય સતત તોળાઈ રહ્યો છે.

એક તરફ વડોદરા શહેરના અનેક વિસ્તારોમાં પીવાના પાણીની તંગી અને ઓછા પ્રેશરની બૂમરાણ ઉઠી રહી છે, ત્યારે બીજી તરફ પાલિકાતંત્રની આંખ આડા કાન કરવાની નીતિને કારણે હજારો લીટર શુદ્ધ પીવાનું પાણી ગટર ભેગું થઈ રહ્યું છે. પાલિકાના પાપે થઈ રહેલા આ શુદ્ધ પાણીના વેડફાટને જોઈને વિસ્તારના સ્થાનિક રહીશો અને દરરોજ ત્યાંથી પસાર થતા વાહન ચાલકોમાં ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે. રહીશોની માંગણી છે કે પાલિકા તંત્ર તાત્કાલિક ધોરણે આ લાઈનનું રિપેરિંગ કામ હાથ ધરી પાણીનો વેડફાટ અટકાવે અને રસ્તાની સ્થિતિ સુધારે.

# સગીરાના અપહરણ-દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

**સ્પેશિયલ** પોક્સો કોર્ટે આરોપીને રૂ.50 હજારનો દંડ પણ ફટકાર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

કપુરાઈ વિસ્તારમાંથી સગીરાનું અપહરણ કરી તેની સાથે દુષ્કર્મ ગુજારવાના કેસમાં વડોદરાની સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી રાકેશકુમાર બુધસિંહ બારીઆને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને રૂ.50 હજારનો દંડ કર્યો છે, જેમાંથી રૂ.45 હજાર ભોગ બનનાર સગીરાને વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગત મુજબ, તા.1 જુલાઈ 2025ના રોજ સવારે આશરે 10 વાગ્યે સગીરા દુકાનમાંથી સામાન લેવા જવાનું કહી ઘરેથી નીકળી હતી. જોકે, તે પરત ન ફરતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. આસપાસના વિસ્તાર તેમજ સગા-સંબંધીઓમાં તપાસ કરવા છતાં સગીરાનો પત્તો નહીં લાગતા તેના પિતાએ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપી અને ભોગ બનનાર મળી આવતા પંચનામું કરવામાં આવ્યું હતું. બંનેની તબીબી તપાસ કરાવી જૈવિક નમૂનાઓ તથા કપડાં એફએસએલમાં મોકલવામાં આવ્યા હતા. ભોગ બનનારનું નિવેદન પણ નોંધાયું હતું.

તપાસ પૂર્ણ થયા બાદ પોલીસે પૂરતા પુરાવા સાથે ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી. સુનાવણી દરમિયાન રજૂ થયેલા પુરાવા અને દલીલોને આધારે કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો.

પોક્સો એક્ટ હેઠળ **20 વર્ષની સખત કેદ અને રૂ.50 હજાર દંડ** ઉપરાંત ભારતીય ન્યાય સંહિતાની કલમ 137(2) હેઠળ પાંચ વર્ષની સખત કેદ અને રૂ.5 હજાર દંડ તથા કલમ 86 હેઠળ સાત વર્ષની સખત કેદ અને રૂ.7 હજાર દંડની સજા ફટકારવામાં આવી છે. દંડ ન ભરવામાં આવે તો વધારાની સાદી કેદ ભોગવવી પડશે.

### વિશ્વાસમાં લીધા બાદ UPIથી રૂપિયા પણ ટ્રાન્સફર કરાવ્યા

# માર્બલના કારીગરનો ફોન આવ્યો અને MSUના વિદ્યાર્થીના ખાતામાંથી રૂ.૩૦ હજાર ઉપડી ગયા!

**ભાઈનું** બેંક એકાઉન્ટ બંધ હોવાનું કહી રૂ.૪૫,૫૦૦ જમા કરાવ્યાનો બનાવટી સ્ક્રીનશોટ મોકલ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

સાયબર ઠગો હવે માત્ર બેંક અધિકારી કે પોલીસની ઓળખ આપીને જ નહીં, પરંતુ ઓળખીતા વ્યક્તિના કારીગર બનીને પણ લોકોને છેતરવા લાગ્યા છે. વડોદરામાં એમ.એસ. યુનિવર્સિટીમાં BCAના ચોથા વર્ષમાં અભ્યાસ કરતા 23 વર્ષીય વિદ્યાર્થીને તેના કુટુંબીભાઈના માર્બલ કામના કારીગર તરીકે ઓળખ આપીને ઠગે વિશ્વાસમાં લીધો હતો. ભાઈનું બેંક એકાઉન્ટ બંધ હોવાનું કહી વિદ્યાર્થીના ખાતામાં રૂ.45,500 જમા કરાવ્યાનો બનાવટી સ્ક્રીનશોટ મોકલી રૂ.30 હજાર UPI મારફતે પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. વિદ્યાર્થીએ રૂપિયા પડાવનાર ઠગ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

ઓલ્ડ પાદરા રોડની આવેલી મેઘધનુષ્ય સોસાયટીમાં રહેતા દિવ્યંમ રણજીતભાઈ દાહીમા મૂળ કોડીનારના છે. તેમના કુટુંબીભાઈ ભગીરથસિંહ દાહીમાના ઘરે અગાઉ માર્બલનું કામ ચાલતું હોવાથી દિવ્યંમ ત્યાં કામ કરતા કારીગરોને ઓળખતા હતા. આ જ ઓળખનો લાભ લઈને ગત 8 જુલાઈએ સાંજે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતે ભગીરથસિંહનો માર્બલ કામનો કારીગર હોવાનું જણાવ્યું હતું.

ઠગે ભગીરથસિંહનું બેંક એકાઉન્ટ બંધ હોવાથી રૂ.45,500 દિવ્યંમના ખાતામાં જમા કરાવ્યા હોવાનું કહી વોટ્સએપ પર રૂ.45,500 જમા થયાનો બનાવટી સ્ક્રીનશોટ મોકલ્યો હતો. આ વાત સાચી માની વિદ્યાર્થીએ તેના પર વિશ્વાસ કરી લીધો હતો. ત્યારબાદ ઠગે પ્રથમ રૂ.30 હજાર પોતાના ખાતામાં ટ્રાન્સફર કરવા કહ્યું હતું. વિદ્યાર્થીએ UPI મારફતે રૂ.30 હજાર મોકલી દીધા હતા. ત્યારબાદ ઠગે વધુ રૂ.15 હજાર મોકલવા અને રૂ.500 પોતાની પાસે રાખી લેવા જણાવ્યું હતું. આ વાતથી દિવ્યંમને શંકા જતા તેણે પોતાના બેંક ખાતાનું બેલેન્સ ચેક કર્યું હતું. ત્યારે રૂ.45,500 જમા થયા જ ન હોવાનું અને ઉલટું પોતાના ખાતામાંથી જ રૂ.30 હજાર ડેબિટ થઈ ગયાનું સામે આવ્યું હતું. દિવ્યંમે તરત જ ભગીરથસિંહનો સંપર્ક કરતાં કોઈ બેંક એકાઉન્ટ બંધ ન હોવાનું અને કોઈ કારીગરને રૂપિયા ટ્રાન્સફર કરવા જણાવ્યું ન હોવાનું સ્પષ્ટ થયું હતું. આખરે પોતાની સાથે સાયબર છેતરપિંડી થઈ હોવાનું જણાતા તેણે જેપી રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ઠગની ઓળખ અને રૂપિયા કયા ખાતામાં ટ્રાન્સફર થયા તેની તપાસ હાથ ધરી છે.

# MSU હેડ ઓફિસમાં અઢી ફૂટના ધામણ આવી જતા સ્ટાફમાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે આજે બપોરે અચાનક સાપ દેખાતા અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે ફફડાટ અને દોડધામ મચી ગઈ હતી.



મળતી માહિતી મુજબ હેડ ઓફિસની કચેરીમાં કામકાજ ચાલી રહ્યું હતું ત્યારે એક ખૂણામાં સાપ જેવું કંઈક સરકતું જોવા મળ્યું હતું. જોતજોતામાં આ વાત આખી ઓફિસમાં ફેલાઈ ગઈ હતી અને કર્મચારીઓ ડરી ગયા હતા. કર્મચારીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક વન્યજીવ બચાવ માટે કાર્યરત જાણીતી સંસ્થા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ અરવિંદ પવારને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાની સાથે જ સંસ્થાના સક્રિય અને અનુભવી કાર્યકર હાર્દિક પવાર તુરંત જ ઘટનાસ્થળે દોડી ગયા હતા. હાર્દિક પવારે યુનિવર્સીટીની હેડ ઓફિસમાં તપાસ કરતા કચેરીના એક ભાગમાં અઢી ફૂટ જેટલું ધામણ પ્રજાતિના સાપનું બચ્ચું જોવા મળ્યું હતું. તેમણે અત્યંત સાવધાનીપૂર્વક અને કોઈને ઈજા ન પહોંચે તે રીતે સાપનું સહીસલામત રેસ્ક્યુ કર્યું હતું. ધામણ બિનઝેરી સાપ છે, પરંતુ અચાનક સામે આવતા ભય ફેલાયો હતો. સુરક્ષિત રીતે સાપ પકડાઈ જતા હેડ ઓફિસના સ્ટાફે હાશકારો અનુભવ્યો હતો અને રેસ્ક્યુ ટીમનો આભાર માન્યો હતો. રેસ્ક્યુ કરાયેલા આ સાપને નિયમ અનુસાર વન વિભાગને સુપ્રત કરવામાં આવ્યો હતો, જ્યાંથી તેને કુદરતી વસવાટમાં મુક્ત કરવામાં આવશે.

# પૂર્વ કોર્પોરેટર અને તબીબ ગિરીશ પારેખનું વોટ્સએપ હેક

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાના જાણીતા તબીબ અને પૂર્વ કાઉન્સિલર ડૉ. ગિરીશ પારેખનું WhatsApp એકાઉન્ટ હેક થતાં ચકચાર મચી છે. હેકર્સે તેમના નંબરનો દુરુપયોગ કરી સંપર્કમાં રહેલા મિત્રો, સગાં-સંબંધીઓ અને દર્દીઓને શંકાસ્પદ ફાઈલો, APK એપ્લિકેશન તથા લિંક્સ મોકલવાનું શરૂ કર્યું છે.

ડૉ. પારેખે લોકોને ચેતવણી આપતાં જણાવ્યું કે તેમના નંબર પરથી કોઈ ફાઈલ, ફોટો, લિંક કે પૈસાની માંગણીનો મેસેજ આવે તો તેને ખોલવો કે ક્લિક કરવો નહીં અને રિપ્લાય પણ ન આપવો.

સાયબર નિષ્ણાતોએ પણ શંકાસ્પદ ફાઈલ ડાઉનલોડ ન કરવા તથા અજાણી લિંક પર ક્લિક નહીં કરવાની સલાહ આપી છે. ભૂલથી આવી લિંક કે ફાઈલ ખોલાઈ જાય તો તાત્કાલિક મોબાઈલનું ઈન્ટરનેટ બંધ કરી સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર જાણ કરવા અપીલ કરાઈ છે.

### વહેલી સવાર હોવાથી મોટી જાનહાનિ ટળી

# નંદેસરીમાં રબર લાઈનીંગ બનાવતી શબરી કંપનીમાં ભીષણ આગ

**ફાયર** બ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો: ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાતા સ્થાનિકો ફફડાટ



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા નજીક નંદેસરી ઔદ્યોગિક એકમમાં આવેલી શબરી પ્રોસેસ ફિલ્ટર નામની કંપનીમાં આજે વહેલી સવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા ઔદ્યોગિક વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

પ્રાથમિક વિગતો મુજબ કંપનીના રબર લાઈનિંગ પ્લાન્ટમાં આગ લાગી હતી. રબર અત્યંત જ્વલનશીલ હોવાથી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગના કારણે ઉઠેલા કાળા ધુમાડાના ગોટેગોટા 2 થી 3 કિલોમીટર દૂર સુધી નજરે પડતા હતા, જે જોઈ આસપાસની કંપનીઓના કામદારો અને સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ નંદેસરી ફાયર સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક બે ફાયર ટેન્ડર સાથે ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો અને આગને અન્ય શેડમાં પ્રસરતી અટકાવી હતી. આગને કાબુમાં લેવામાં આવે તે દરમિયાન ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. સદનસીબે આ ઘટના વહેલી સવારે બની હોવાથી કંપનીની અંદર કોઈ કામદાર હાજર ન હતો, જેથી કોઈ જાનહાનિ થઈ નથી. જોકે કંપનીને મટીરીયલનું નુકસાન થયું હોવાનું પ્રાથમિક અનુમાન છે. હાલ આગ લાગવાનું ચોક્કસ કારણ અકબંધ છે અને પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર કોલસા ભરેલી ટ્રકમાં આગ

**શોર્ટ** સર્કિટના કારણે આગ લાગી હોવાની શક્યતા



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર આગની ઘટના બની હતી. ભરૂચથી વડોદરા તરફ કોલસો ભરીને આવી રહેલી એક ટ્રક અચાનક આગની ઝપેટમાં આવી ગઈ હતી. જેના કારણે હાઈવે પરથી પસાર થતા અન્ય વાહનોના પૈડાં થંભી ગયા હતા.

મળતી માહિતી મુજબ ટ્રક હાઈવે પર દોડી રહી હતી ત્યારે એન્જિનના ભાગેથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આખી ટ્રક આગની લપેટમાં આવી ગઈ હતી. ડ્રાઈવરે સમયસૂચકતા વાપરી તુરંત જ ટ્રક ઉભી રાખીને બહાર કૂદી જતા તેનો આબાદ બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાની સાથે જ કરજણ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ટ્રકમાં કોલસો ભરેલો હોવાથી આગ બુઝાવવી ખૂબ જ મુશ્કેલ બની હતી. ફાયરના જવાનોએ સતત એક કલાક સુધી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ટ્રક સંપૂર્ણ રીતે બળીને ખાખ થઈ ગઈ છે અને લાખોનું નુકસાન થયું છે. પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની શક્યતા છે. આ ઘટનાને પગલે હાઈવે પર થોડીવાર માટે ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા.

### અલ્પના સિનેમા બહાર કાર અને સિનેમાની છત પર ચઢી સળગતી આગ સાથે સ્ટંટ

# પવન કલ્યાણના જન્મદિવસે વડોદરામાં બેફામ ઉજવણી, જોખમી સ્ટંટનો વીડિયો વાયરલ

**સંસ્કારી** નગરી વડોદરામાં કાયદો વ્યવસ્થાના લીરેલીરા, દૂધથી પોસ્ટરનો અભિષેક




(પ્રતિનિધિ) વડોદરા,તા.2

સંસ્કારી નગરી તરીકે ઓળખાતા વડોદરા શહેરમાંથી સોશિયલ મીડિયા પર એક અત્યંત ચિંતાજનક અને જોખમી વીડિયો સામે આવ્યો છે, જેણે કાયદો-વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

સાઉથના સુપરસ્ટાર પવન કલ્યાણના જન્મદિવસની ઉજવણી માટે શહેરના અલ્પના સિનેમા બહાર મોટી સંખ્યામાં યુવકો અને ચાહકો એકત્ર થયા હતા. આ દરમિયાન ઉત્સાહમાં આવેલા કેટલાક ચાહકોએ તમામ હદ વટાવી દીધી હતી. એક યુવકે આ વીડિયો બનાવી અને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં પોસ્ટ કરતા આ વીડિયો આજે વાયરલ થયો હતો. જે વીડિયોમાં જોવા મળે છે કે, કેટલાક યુવકો પાર્ક કરેલી કારની છત ઉપર ચઢી ગયા હતા અને બેફામ હોબાળો મચાવી રહ્યા હતા. માત્ર કાર જ નહીં, હદ તો ત્યારે થઈ જ્યારે કેટલાક યુવકો સિનેમા હોલના મુખ્ય પ્રવેશદ્વાર અને ઊંચી છત પર ચઢી ગયા હતા. છત પર ચઢીને યુવકોએ હાથમાં સળગતી આગ સાથે જોખમી સ્ટંટ પણ કર્યા હતા, જેનાથી મોટી દુર્ઘટના સર્જાવાનું જોખમ ઉભું થયું હતું. આટલું જ નહીં, ચાહકોએ પવન કલ્યાણના મોટા પોસ્ટર પર દૂધની થેલીઓથી અભિષેક પણ કર્યો હતો. જાહેરમાં ટ્રાફિકના નિયમોને નેવે મૂકીને અને પોતાના તથા અન્ય લોકોના જીવને જોખમમાં મૂકીને કરાયેલી આ ઉજવણીનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જાહેર સ્થળે આ પ્રકારે કાયદો હાથમાં લઈને થતી બેફામ ઉજવણી સામે પોલીસ ક્યારે કડક કાર્યવાહી કરશે અને આવા બેફામ બનેલા યુવકો સામે કયા પગલાં લેવાશે તે જોવું રહ્યું. જોકે, ગુજરાત મિત્ર આ વિડીયોની પૃસ્ટી કરતું નથી.

### શિનોરના ૩૮ વર્ષીય યુવકે કોબ્રાને પકડવાનો પ્રયાસ કર્યો

# કોબ્રાને રેસ્ક્યુ કરતી વેળાએ સાપના ડંખથી યુવકનું મોત

**સયાજી** હોસ્પિટલ પહોંચતા તબીબે મૃત જાહેર કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા જિલ્લાના સિનોર તાલુકામાં વન્યજીવ અને સાપ રેસ્ક્યુની કામગીરી સાથે સંકળાયેલા 38 વર્ષીય અનિલ કનુભાઈ માછીનું કોબ્રા સાપના ડંખથી મોત નીપજતાં શોકની લાગણી ફેલાઈ છે.

અનિલભાઈ મૂળ ડ્રાઈવિંગનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. સાથે જ તેઓ નિસ્વાર્થ ભાવે સાપ અને અન્ય વન્યજીવોના રેસ્ક્યુની કામગીરી કરતા હતા. તેમની પાસે વન વિભાગનું અધિકૃત પ્રમાણપત્ર પણ હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાના દિવસે અનિલભાઈ સિનોર ગામે પાવભાજી લેવા ગયા હતા. તે દરમિયાન રસ્તા પર ઝેરી કોબ્રા સાપ જોવા મળ્યો હતો. આસપાસ બાળકો અને ગ્રામજનોની અવરજવર હોવાથી કોઈને સાપ કરડી ન જાય તે હેતુથી તેમણે કોબ્રાને રેસ્ક્યુ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સાપને પકડતી વખતે કોબ્રાએ તેમની આંગળી પર ડંખ મારી દીધો હતો. ઝેરની અસર થતાં તેમની તબિયત લથડી હતી. પરિસ્થિતિ ગંભીર બનતા તેમને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

અનિલભાઈના અચાનક મોતથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. તેઓ પરિવારના મુખ્ય કમાઉ સભ્ય હોવાથી પત્ની, બાળકો અને વૃદ્ધ માતા-પિતા પર આર્થિક સંકટ ઊભું થયું છે. તેમના નિસ્વાર્થ સેવાભાવને યાદ કરી સ્થાનિક અગ્રણીઓ અને પરિવારજનોએ સરકાર તથા વહીવટી તંત્ર સમક્ષ પરિવારને યોગ્ય આર્થિક સહાય અને વળતર આપવાની માંગ કરી છે.

### વડોદરા જિલ્લાની ભાદરવા ચોકડી પાસે એક ગમખ્વાર માર્ગ અકસ્માત

# રસ્તા પરથી પસાર થઈ રહેલાં ૩૬ વર્ષીય યુવાનને હાઈડ્રા વાહને અડફેટે લેતાં મોત

**અકસ્માત** બાદ ચાલક ફરાર, પોલીસે વાહન કબજે કરી ગુનો દાખલ કર્યો



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા જિલ્લાની ભાદરવા ચોકડી પાસે એક ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના બની હતી. જેમાં એક યુવાનનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું છે.અકસ્માત સર્જી ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસે હાઈડ્રો વાહન કબજે કરી ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભાદરવા ચોકડી નજીક આવેલી માતૃત્વ હોસ્પિટલ પાસે એક હાઈડ્રો મશીન પૂરઝડપે પસાર થઈ રહ્યું હતું. તે દરમિયાન રસ્તા પરથી પસાર થઈ રહેલા 36 વર્ષીય દીપક લુહારને હાઈડ્રા વાહને અડફેટે લીધો હતો. જેમાં યુવક હાઈડ્રોના ટાયર નીચે કચડાઈ ગયો હતો અને તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાતાની સાથે જ હાઈડ્રો ચાલક માનવતા નેવે મૂકી વાહન મૂકીને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.

અકસ્માતને પગલે ભાદરવા ચોકડી પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતા જ સાવલી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ટ્રાફિકને ક્લિયર કરાવી મૃતકના મૃતદેહને કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે જરોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખસેડ્યો હતો. પોલીસે હાઈડ્રો વાહન કબજે કરી ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### GSPCA અને વનવિભાગનું સંયુક્ત સર્ચ ઓપરેશન, ૧૧ વન્યજીવોને કબજે લેવાયા

# વડોદરામાં વનવિભાગની મોટી કાર્યવાહી, ૯ પોપટ અને ૨ કાચબા મુક્ત કરાયા

**વન્યજીવ** રાખશો તો કાયદાકીય કાર્યવાહી થશે : GSPCAની ચેતવણી



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેરમાં ગેરકાયદેસર રીતે વન્યજીવો રાખવાના કિસ્સાઓ સામે GSPCA અને વનવિભાગ દ્વારા સંયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. છાણી, આજવા રોડ અને સિટી વિસ્તારમાં જુદા-જુદા ઘરોમાં તપાસ દરમિયાન પાંજરામાં પુરાયેલા 9 પોપટ મળી આવ્યા હતા. જ્યારે રાજમહેલ વિસ્તારમાંથી 2 કાચબા મળી આવતા કુલ 11 વન્યજીવોને રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા.

GSPCA દ્વારા વન્યજીવોને ગેરકાયદેસર રીતે ઘરમાં રાખવા અંગે છેલ્લા ઘણા સમયથી વનવિભાગમાં રજૂઆતો કરવામાં આવી રહી હતી. જેના પગલે સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. કાર્યવાહી દરમિયાન ટીમે વિવિધ સ્થળોએ તપાસ કરી પોપટોને કબજે કર્યા હતા. ત્યારબાદ રાજમહેલ વિસ્તારમાં પ્રતિબંધિત કાચબા રાખવામાં આવ્યા હોવાની ફરિયાદ મળતાં GSPCAના કાર્યકર રમેશ આઈસ વનવિભાગના અધિકારીઓ સાથે સ્થળ પર પહોંચ્યા હતા અને બે કાચબા પણ જમા લીધા હતા. રેસ્ક્યુ કરાયેલા તમામ 11 વન્યજીવોને વધુ સારવાર તથા કુદરતી વસવાટમાં મુક્ત કરવાની કાર્યવાહી માટે વનવિભાગને સોંપવામાં આવ્યા છે. GSPCAએ લોકોને અપીલ કરી છે કે ઘરમાં પોપટ, કાચબા કે અન્ય વન્યજીવ રાખ્યા હોય તો સ્વેચ્છાએ વનવિભાગનો સંપર્ક કરી સોંપી દેવા. વન્યજીવ સંરક્ષણ કાયદા હેઠળ વન્યજીવોને ગેરકાયદેસર રીતે રાખવા બદલ કાર્યવાહી થઈ શકે છે.

# જન્માષ્ટમીએ આણંદ-ડાકોર વચ્ચે સ્પેશિયલ અનારક્ષિત ટ્રેન

(પ્રતિનિધિ) વડોદરા તા.2

જન્માષ્ટમી પર્વને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા આણંદ અને ડાકોર વચ્ચે એક ફેરો સ્પેશિયલ અનારક્ષિત ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ટ્રેન નંબર 09127 આણંદ-ડાકોર સ્પેશિયલ તા. 4 સપ્ટેમ્બરે રાત્રે 10:20 કલાકે આણંદથી ઉપડશે અને રાત્રે 11:15 કલાકે ડાકોર પહોંચશે. પરત ફરતી ટ્રેન નંબર 09128 ડાકોર-આણંદ સ્પેશિયલ તા. 5 સપ્ટેમ્બરે રાત્રે 2 વાગ્યે ડાકોરથી ઉપડીને 2:55 કલાકે આણંદ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં ઉમરેઠ સ્ટેશન પર રોકાશે. ટ્રેનમાં તમામ કોચ જનરલ શ્રેણીના અનારક્ષિત રહેશે. જન્માષ્ટમી દરમિયાન ડાકોર જતા ભક્તો અને મુસાફરોને આ વિશેષ ટ્રેનનો લાભ મળશે. ટ્રેનના સમય અને સ્ટોપેજ અંગેની વધુ માહિતી પશ્ચિમ રેલવેની વેબસાઈટ પરથી મેળવી શકાશે.

### એસટીપી સાથે જોડાયેલી પ્રેશર લાઈન લીકેજ થતાં સમારકામ શરૂ

# પ્રતાપ ટોકીઝ પાસે ડ્રેનેજ લાઈનમાં લીકેજ, પાલિકા તંત્ર દોડતું થયું

**ભંગાણને** શોધી તેને બંધ કરવાની કામગીરી કરવામાં આવી



(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરમાં પીવાના પાણીની લાઈન હોય કે ડ્રેનેજ લાઈન, અવારનવાર લીકેજ થવાની સમસ્યા સામે આવતી હોય છે. આવી જ વધુ એક ઘટના શહેરના વોર્ડ નંબર 14 વિસ્તારમાં આવેલા પ્રતાપ ટોકીઝ પાસે સામે આવી છે, જ્યાં ડ્રેનેજ લાઈનમાં અચાનક લીકેજ સર્જાતા પાલિકા તંત્ર દોડતું થયું છે.

ડ્રેનેજ વિભાગના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આ ડ્રેનેજ લાઈન પમ્પિંગ સ્ટેશનથી પ્રેશર લાઈન મારફતે સીધી સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સાથે જોડાયેલી છે. ગત સાંજે આ પ્રેશર લાઈનમાં લીકેજ હોવાનું સામે આવતા જ પાલિકાના ડ્રેનેજ વિભાગ દ્વારા ગત રાતથી જ યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર, પ્રેશર ડ્રેનેજ લાઈનનું લીકેજ બંધ કરવાની કામગીરી બપોરે 4 વાગ્યા સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવશે. ત્યારબાદ રસ્તાના રોડ પુનઃનિર્માણનું કામ હાથ ધરીને આજે રાત સુધીમાં તમામ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. તમામ સમારકામ પૂર્ણ થયા બાદ આ લાઈન રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવશે.

# પત્ની સાથે આડા-સંબંધના વહેમમાં મિત્ર પર ચપ્પુથી હુમલો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

આજવા ચોકડી પાસે મોબાઈલ શોપમાં નોકરી કરતા યુવક પર તેના મિત્રએ પત્ની સાથે આડાસંબંધ હોવાના વહેમમાં ચપ્પુથી હુમલો કર્યો હતો. હુમલામાં યુવકના ગળાની ડાબી બાજુ દાઢીની નીચે 3થી 4 ઈંચનો ઘા થતાં તેને લોહીલુહાણ હાલતમાં મધુરમ હોસ્પિટલના ICUમાં ખસેડાયો હતો.

માંજલપુર ગામના 32 વર્ષીય ગણેશભાઈ વસાવા જય માતાજી મોબાઈલ શોપમાં નોકરી કરે છે. ત્રણ વર્ષ પહેલાં તેમની ધવલ નિલેશ્વર મહસ્કર સાથે મિત્રતા થઈ હતી. છેલ્લા છ મહિનાથી ધવલને ગણેશભાઈ અને તેની પત્ની ગૌરી વચ્ચે વાતચીત અંગે શંકા હતી. તેથી ગણેશભાઈએ બંને સાથે વાતચીત બંધ કરી દીધી હતી. બીજા દિવસે ગણેશભાઈ દુકાને કામ કરતા હતા ત્યારે ધવલ અચાનક આવ્યો અને ચપ્પુથી ગળા પર હુમલો કર્યો હતો. સહકર્મીએ બચાવવાનો પ્રયાસ કરતાં જાતિ અપમાનિત શબ્દો બોલ્યાનો પણ આક્ષેપ છે. કપુરાઈ પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.